# તારાપુર સીએચસીમાં રજા હોવા છતાં હાજરી પૂરી લાખોની ગ્રાન્ટ સ્વાહા!

**બોગસ હાજરી** પત્રક બનાવી વાર્ષિક રૂ. ૩ થી ૬ લાખનું આર્થિક નુકસાન પહોંચાડાયાનો આક્ષેપ

(પ્રતિનિધિ) તારાપુર તા ૨૮

તારાપુરના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે રોગી કલ્યાણ સમિતિના વહીવટને લઈને ગંભીર આક્ષેપો સાથે ઉચ્ચકક્ષાએ ફરિયાદ કરવામાં આવતા આરોગ્ય તંત્રમાં અનેકવિધ ચર્ચા ઉઠવા પામી છે.

મળતી માહિતી મુજબ ઉચ્ચ કક્ષાએ કરાયેલી ફરિયાદમાં હોસ્પિટલના અધિક્ષક ડૉ. આર.બી. બઈસ દ્વારા મનસ્વી વહીવટ કરવામાં આવ્યો હોવાનો તથા કર્મચારીઓની હાજરી અને પગાર ચૂકવણીમાં નિયમ વિરુદ્ધ પ્રક્રિયાના કારણે સરકારને આર્થિક નુકસાન થયું હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ફરિયાદ મુજબ, વર્ષ ૨૦૨૪ દરમિયાન રોગી કલ્યાણ સમિતિમાં કેસ રાઈટર તરીકે ફરજ બજાવતા બળવંત પી. સોલંકીને કોઈ કારણદર્શક નોટિસ આપ્યા વિના ફરજ પરથી દૂર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમણે આણંદ આસિસ્ટન્ટ લેબર કમિશનર સમક્ષ ફરિયાદ કરી હતી. સમાધાન ન થતાં મામલો આણંદની લેબર કોર્ટમાં રિફર થયો હતો અને કેસ નં. ૨૫/૨૦૨૪ હાલ કોર્ટમાં ચાલી રહ્યો હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ફરિયાદ કર્તાઓના જણાવ્યા અનુસાર, ૨૨ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ આ કેસમાં ડૉ. બઈસની કોર્ટમાં ઉલટ તપાસ દરમિયાન હાજરી બાબતે પ્રશ્નો કરવામાં આવ્યા હતા.

આ ફરિયાદમાં જણાવ્યા મુજબ, ડૉ. બઈસે કોર્ટમાં જણાવ્યું હતું કે રોગી કલ્યાણ સમિતિના કામદારોના હાજરી પત્રકમાં ઘણા કર્મચારીઓએ મહિનામાં ૩૦થી ૩૧ દિવસ સુધી કામ કર્યાનું દર્શાવવામાં આવ્યું હતું અને આ હાજરી પત્રક સેજલબેન પરમાર દ્વારા ભરવામાં આવતું હતું. જાહેર રજાઓ અંગે પ્રશ્ન કરવામાં આવતા, ફરિયાદ મુજબ ડૉ. બઈસે કોર્ટમાં જણાવ્યું હતું કે કામદારોને રજા આપવામાં આવી હતી, પરંતુ તેમનો પગાર કપાઈ ન જાય તે માટે હાજરી પત્રકમાં હાજરી પૂરવામાં આવી હતી. વધુમાં રજાના દિવસે કામ ન કર્યું હોય તો પગાર કપાઈ જાય તેવી પણ વાત તેમના નિવેદનમાં હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

આ નિવેદનને આધારે ફરિયાદ કર્તાઓએ ગંભીર સવાલ ઉઠાવ્યો છે કે જો કર્મચારીઓને જાહેર રજાઓ આપવામાં આવી હતી, તો હાજરી પત્રકમાં તે દિવસોની હાજરી શા માટે દર્શાવવામાં આવી ? ફરિયાદમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો છે કે રજા હોવા છતાં હાજરી દર્શાવી કર્મચારીઓને પૂર્ણ માસનો પગાર ચૂકવાયો હોય તો સરકારી નાણાંની ચૂકવણીમાં અનિયમિતતા થઈ હોવાની સંભાવના ઊભી થાય છે.

ફરિયાદ કર્તાઓએ સરેરાશ દૈનિક વેતન ૨૦૦ ગણીને ચાર દિવસની રજાના આશરે ૮૦૦ પ્રતિ કર્મચારી મુજબ ગણતરી રજૂ કરી છે. આ ગણતરી મુજબ ૬૩ કર્મચારી માટે માસિક રકમ આશરે ૫૦,૪૦૦ થાય છે અને વર્ષના ધોરણે આ રકમ આશરે ૬.૦૪ લાખ સુધી પહોંચે છે. જોકે ફરિયાદમાં અલગ રીતે ૩૬ કર્મચારીના આધારે ૨૫,૨૦૦ માસિક અને આશરે ૩ લાખ વાર્ષિક નુકસાનની ગણતરી દર્શાવવામાં આવી છે.

## નડિયાદમાં ચૂંટણી કમિશનરના રાજીનામાની માંગ સાથે વિરોધ પ્રદર્શન




નડિયાદ ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રમુખની ઉપસ્થિતિમાં કોંગ્રેસ કાર્યાલયથી કલેક્ટર કચેરી સુધી વિશાળ રેલી યોજી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ચૂંટણી પંચ પર સંસ્થાકીય કબજાના આક્ષેપો સાથે કાર્યકરોએ મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની ઉગ્ર માંગ કરી હતી. છેલ્લા ૧૦ મહિનામાં ચૂંટણી કમિશનરો દ્વારા નોંધાવવામાં આવેલા ૧૪ ઔપચારિક વાંધાઓ અને મતદાર યાદી સુધારણા અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરાઈ હતી. આમ, ચૂંટણી પ્રક્રિયાની પારદર્શિતા માટે આવેદનપત્ર પાઠવી અગાઉ લેવાયેલા નિર્ણયોની સ્વતંત્ર ઉચ્ચસ્તરીય તપાસ કરાવવાની રજૂઆત કરાઈ હતી.

# અસામલીમાં બંધ મકાનમાંથી ૧.૮૮ લાખની ચોરી, એક ઝબ્બે

**ભાગવા જતાં એક** તસ્કર ગ્રામજનોના હાથે ઝડપાયો, બે સાગરીતો ફરાર

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૮

માતર તાલુકાના અસામલી ગામે રાત્રીના સમયે બંધ મકાનમાંથી રૂ. ૧.૮૮ લાખની મતાની ચોરી કરી બાઈક પર ભાગવાનો પ્રયાસ કરી રહેલા ત્રણ તસ્કરોને ગ્રામજનોએ ઘેરી લીધા હતા. ભાગતી વખતે બાઈક સ્લીપ ખાઈ જતાં એક તસ્કર સ્થળ પર જ ઝડપાઈ ગયો હતો, જ્યારે તેના અન્ય બે સાગરીતો ફરાર થઈ ગયા હતા.

અસામલી ગામમાં રહેતા અને સેવા સહકારી મંડળીમાં સેક્રેટરી તરીકે ફરજ બજાવતા સુરેશભાઈ ચંપકલાલ ઠક્કર પોતાના મકાનને તાળું મારી અમદાવાદ ખાતે રહેતા દીકરાના ઘરે ગયા હતા. મોડી રાત્રે આશરે ૩ વાગ્યાના સુમારે તસ્કરોએ મકાનના જાપાનું અને લોખંડની જાળીનું તાળું તોડી અંદર પ્રવેશ કર્યો હતો.

બાદમાં તસ્કરોએ ઘરમાં આવેલી ત્રણ તિજોરીઓ તોડી સામાન વેરવિખેર કરી નાખ્યો હતો. તિજોરીમાંથી રૂ. ૪૦ હજારની કિંમતની સોનાની વીંટી, રૂ. ૧.૨૫ લાખની કિંમતના ૧ કિલો ચાંદીના જૂના સિક્કા અને રૂ. ૨૩ હજારની રોકડ રકમ મળીને કુલ રૂ. ૧.૮૮ લાખની મતા ચોરી લીધી હતી.

જોકે, ચોરી કરીને બાઈક પર ઉભેલા તસ્કરોને જોઈ ભરતભાઈ ભરવાડને શંકા જતાં તેમણે આસપાસના લોકોને જાણ કરી હતી. જાગી ગયેલા ગ્રામજનોએ તસ્કરોને ઘેરી વળતાં બાઈક સ્લીપ ખાઈ જવાથી એક તસ્કર પડી જતાં ઝડપાઈ ગયો હતો, જ્યારે બે સાગરીતો ભાગી છૂટ્યા હતા. આ ઘટના અંગે ૧૧૨ પર જાણ કરાતાં જનરક્ષક પોલીસ સ્થળ પર પહોંચી હતી અને ઝડપાયેલા તસ્કરને પોલીસ હવાલે કર્યો હતો. પોલીસ પૂછપરછ દરમિયાન ઝડપાયેલા આરોપીએ પોતાનું નામ ઓમકારસિંગ સલોકસિંગ સરદાર (રહે. ચિલોડા, ગાંધીનગર) હોવાનું જણાવ્યું હતું. આ બનાવ અંગે સુરેશભાઈ ઠક્કરની ફરિયાદના આધારે લીંબાસી પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# આણંદ : ફટાકડાના લાયસન્સ મેળવવાની કાર્યવાહી શરૂ થઈ

**ફટાકડાના વેપારીઓ** આગામી ૯મી સુધી અરજી કરી શકશે

(પ્રતિનિધિ) બોરસદ તા ૨૮

આગામી દિવાળીના તહેવારને ધ્યાનમાં રાખીને બોરસદ અને આંકલાવ તાલુકામાં હંગામી ધોરણે ફટાકડાંના સંગ્રહ અને વેચાણ માટે પરવાના મેળવવા ઈચ્છુક અરજદારો પાસેથી અરજીઓ મંગાવવામાં આવી છે. બોરસદ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ કચેરી દ્વારા જાહેર કરાયેલી સૂચના મુજબ અરજદારો તા. ૯ ઓક્ટોબર, ૨૦૨૬ સુધીમાં નિયત નમૂનામાં અરજી કરી શકશે. અરજદારોએ રૂ.૩ની કોર્ટ ફી ટિકિટ સાથે અરજીની ચાર નકલમાં જરૂરી આધાર-પુરાવા જોડીને બોરસદ સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટની કચેરીમાં જમા કરાવવાની રહેશે. નિર્ધારિત સમયમર્યાદા બાદ મળેલી તેમજ અધૂરી વિગતો ધરાવતી અરજીઓ ધ્યાને લેવામાં નહીં આવે. પરવાના માટે અરજી સાથે રૂ.૩૦૦ તપાસણી ફી અને રૂ.૬૦૦ પરવાના ફી મળી કુલ રૂ.૯૦૦નું અસલ ચલણ રજૂ કરવાનું રહેશે. ઉપરાંત સૂચિત સ્થળનો મંજૂર નકશો, ૧૫ મીટરની ત્રિજ્યામાં આવેલી દુકાનો તથા શાળા, કોલેજ, હોસ્પિટલ, પેટ્રોલ પંપ, જવલનશીલ પદાર્થોના ગોડાઉન અને રક્ષિત ઈમારતોની વિગતો પણ દર્શાવવાની રહેશે.

અરજદારે સ્વપ્રમાણિત બે પાસપોર્ટ સાઈ ઝના ફોટા, આધારકાર્ડ અથવા ચૂંટણી કાર્ડની નકલ, સ્થળની માલિકીનો પુરાવો તથા ભાડાની દુકાન હોય તો ભાડા કરાર અને માલિકનું સંમતિ દર્શાવતું એફિડેવિટ રજૂ કરવાનું રહેશે.

# ખેડા જિલ્લા ભાજપ નેતાઓએ કોંગ્રેસના વિરોધને વખોડ્યો

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૮

નડિયાદ મનપાના મેયર મનીષભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ હિતેશભાઈ તળવી અને જિલ્લા મહામંત્રી રાજેશભાઈ પટેલ સહિતના ભાજપના નેતાઓએ કોંગ્રેસ દ્વારા ચૂંટણી પંચ સામે કરવામાં આવેલા વિરોધ અને આક્ષેપોનો સખત શબ્દોમાં રદિયો આપ્યો છે. નેતાઓએ સ્પષ્ટ કર્યું છે કે રાહુલ ગાંધી અને વિપક્ષ માત્ર એક કાલ્પનિક તથા તથ્યહીન લેખને આધાર બનાવીને ચૂંટણી પંચ જેવી બંધારણીય અને સ્વાયત્ત સંસ્થા પર પાયાવિહોણા સવાલો ઉઠાવી રહ્યા છે.




ખેડા જિલ્લા ભાજપના નેતાઓએ જણાવ્યું કે ચૂંટણીમાં હાર પચાવી ન શકતી કોંગ્રેસ અગાઉ ઈવીએમ અને એસઆઈઆર મુદ્દે અસંતોષ વ્યક્ત કર્યા બાદ હવે ચૂંટણી પંચ સામે કાલ્પનિક મુદ્દાઓ ઉછાળીને જનતાને ગેરમાર્ગે દોરી રહી છે. લોકશાહીમાં હાર-જીત સામાન્ય છે, પરંતુ હાર બાદ બંધારણીય સંસ્થાઓ પર દોષનો ટોપલો ઢોળવો તે બિલકુલ યોગ્ય નથી.

આ અંગે મુખ્ય ચૂંટણી કમિશનર અને અન્ય કમિશનરોએ પ્રેસ રિલીઝ મારફતે તમામ ચોખવટ કરી દીધી છે કે એસઆઈઆર સંબંધિત તમામ નિર્ણયો સર્વસંમતિથી લેવાયા છે અને ફોર્મ 6 ના મૂળ સ્વરૂપમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવામાં આવ્યો નથી. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે પણ ચૂંટણી પંચની આ પ્રક્રિયાને માન્ય રાખી હોવાથી કોંગ્રેસ દ્વારા કરવામાં આવતા આંતરિક મતભેદના તમામ દાવાઓ અને વિરોધ પ્રદર્શનો સંપૂર્ણપણે મનઘડંત અને પાયાવિહોણા સાબિત થાય છે.

## આણંદ-ખેડા અને મહિસાગર જિલ્લાના સંસ્થા સમાચાર

### સરદાર વલ્લભભાઈ સ્ત્રી અધ્યાપન મંદિરમાં વિઠ્ઠલભાઈ પટેલની જન્મજયંતિની ઉજવણી



**નડિયાદ** | સરદાર વલ્લભભાઈ સ્ત્રી અધ્યાપન મંદિર, નડિયાદ ખાતે સુતરની આંટી અર્પણ કરી તથા દીપ પ્રાગટ્ય દ્વારા વિઠ્ઠલભાઈ પટેલની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે આચાર્યા ડો. પ્રીતિબેન રાઠોડે ભારતીય વડી ધારાસભાના પ્રથમ ચૂંટાયેલા પ્રમુખ તરીકે વિઠ્ઠલભાઈ પટેલના મહત્ત્વના યોગદાનને યાદ કર્યું હતું. તાલીમાર્થી બહેનો ઝાલા અનિતા અને પટેલ હેત્વીએ વિઠ્ઠલભાઈ પટેલના જીવન, વ્યક્તિત્વ અને રાષ્ટ્રસેવાના કાર્યો અંગે માહિતી રજૂ કરી હતી. સંસ્થાના મંત્રી ભગવતીબેન પંડ્યાની શુભેચ્છાઓ તથા સ્ટાફ અને તાલીમાર્થીઓની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ વચ્ચે કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

### આણંદ કૃષિ યુનિવર્સિટી ખાતે 'પ્રાકૃતિક કૃષિ' તાલીમ વર્ગનો પ્રારંભ કરાયો



**આણંદ** | આણંદ કૃષિ યુનિવર્સિટીના એગ્રોનોમી વિભાગ દ્વારા પાંચ દિવસીય પ્રાકૃતિક કૃષિ તાલીમ કાર્યક્રમનો ઉદ્ઘાટન સમારોહ કુલપતિ ડો. એમ. પી. પટેલના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ તાલીમ કાર્યક્રમમાં આણંદ અને મહેસાણા જિલ્લામાંથી પ્રાકૃતિક કૃષિમાં રસ ધરાવતા કુલ ૩૮ ખેડૂતો અને તાલીમાર્થીઓ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. આ પ્રસંગે સહસંશોધન નિયામક ડો. વી. જે. પટેલે ભારત સરકારના 'નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ' તેમજ રાજ્ય સરકાર અને યુનિવર્સિટી દ્વારા પ્રાકૃતિક ખેતીના વ્યાપ માટે થતા પ્રયાસોથી માહિતગાર કર્યા હતાં.

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપનાઃ૧૮૬૩

ગતિવિધિ

આપના સમાજ, સંસ્થા, સોસાયટી કે જૂથના કાર્યક્રમોને 'ગુજરાતમિત્ર' આણંદ પ્રસિદ્ધ કરશે. આપની જાહેર ખબર પ્રેસનોટ, અવસાન નોંધ નીચેના સરનામે મોકલી આપો.

આણંદ : SF-223 એક્વેરીયસ કોમ્પ્લેક્ષ, કૃષ્ણ રોડ, ગોપાલ ચોકડી.
E-mail : gujmitraanand@gmail.com
મો. 99784 40509
નડિયાદ : પહેલો માળ, ભારત ભૂવન, તાલુકા પંચાયત સામે, નડિયાદ.
E-mail : gujmitranadiad@gmail.com

### ચારુસેટ યુનિવર્સિટીમાં 'સાયબરકવચ કોમ્યુનિટી ડે 2026'ની ભવ્ય ઉજવણી કરવામાં આવી



**આણંદ** | ચાંગા સ્થિત ચારુસેટ યુનિવર્સિટીની સીએસપીઆઈટી કોલેજના કોમ્પ્યુટર સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ વિભાગના સાયબર કવચ ક્લબ દ્વારા બે દિવસીય 'સાયબર કન્ફ્લુઅન્સ 2026'નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ ઈવેન્ટમાં પ્રથમ દિવસે એથિકલ હેકિંગ વર્કશોપ અને બીજા દિવસે 100થી વધુ ટીમો વચ્ચે 'Ghost Hunt - Chapter 2' સાયબર સિક્યોરિટી ચેલેન્જ યોજાઈ હતી. આ આયોજન દ્વારા વિદ્યાર્થીઓને સાયબર સિક્યોરિટી ક્ષેત્રે પ્રેક્ટિકલ લર્નિંગ, ટેકનિકલ પડકારો અને ઇન્ડસ્ટ્રીના નિષ્ણાતો સાથે સંવાદ સાધવાનું મહત્વપૂર્ણ મંચ પૂરું પડાયું હતું.

### બીવીએમ કોલેજના એનસીસી કેડેટએ થલ સૈનિક કેમ્પમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કર્યું



**આણંદ** | વિદ્યાનગર સ્થિત સીવીએમ સંચાલિત બીવીએમ કોલેજના મેકેનિકલ એન્જિનિયરિંગના દ્વિતીય વર્ષના વિદ્યાર્થી અને NCC કેડેટ સાર્જન્ટ મંથન રામીએ નવી દિલ્હી ખાતે યોજાયેલા પ્રતિષ્ઠિત ઓલ ઈન્ડિયા થલ સૈનિક કેમ્પમાં ૩૮ ગુજરાત બટાલિયન NCC મારફતે ગુજરાત ડિરેક્ટોરેટનું પ્રતિનિધિત્વ કર્યું છે. આ રાષ્ટ્રીય કક્ષાના કેમ્પ દરમિયાન તેમની ખાસ પસંદગી JDFS (અંતર નિર્ધારણ અને ફિલ્ડ સિગ્નલ્સ) જેવી મહત્વપૂર્ણ સ્પર્ધા માટે થઈ હતી. આ વિશિષ્ટ સિદ્ધિ બદલ ચારુતર વિદ્યામંડળના ચેરમેન એન્જિ. ભીખુભાઈ પટેલ, BVMના પ્રિન્સિપાલ ડો. વિનય પટેલ તથા ૩૮ ગુજરાત બટાલિયન NCCના કમાન્ડિંગ ઓફિસર કર્નલ અખિલ અને સૈન્ય અધિકારીઓ દ્વારા તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

### આણંદ શહેરની ડી.એન. હાઈસ્કૂલ ખાતે વાલી મિટિંગ યોજવામાં આવી



**આણંદ** | ચરોતર એજ્યુકેશન સોસાયટી સંચાલિત ડી.એન. હાઈસ્કૂલ ખાતે શાળા અને વાલીઓ વચ્ચેના પરસ્પર સંવાદને મજબૂત બનાવવા માટે વાલી મિટિંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં શાળાના આચાર્ય ગીરીશભાઈ ડી. પટેલે વાલીઓને વિદ્યાર્થીઓની શૈક્ષણિક પ્રગતિ, હાજરી, શિસ્ત અને સર્વાંગી વિકાસ અંગે અસરકારક માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમ દરમિયાન શાળાના વર્ગશિક્ષકોએ પણ પોતાના પ્રતિભાવો રજૂ કર્યા હતા. આ મિટિંગમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને વાલીઓએ શાળાના વિકાસ તેમજ વિદ્યાર્થીઓના હિત માટે પોતાના ઉપયોગી સૂચનો આપ્યા હતા.

### મહિસાગર જિલ્લાના બાકોર ખાતે અદ્યતન સરકારી લાઈબ્રેરીનો પ્રારંભ કરાયો



**લુણાવાડા** | મહીસાગર જિલ્લાના યુવાનોના શૈક્ષણિક સશક્તિકરણ માટે બાકોર ખાતે અદ્યતન સરકારી લાઈબ્રેરીનું જિલ્લા પંચાયત પ્રમુખ કલ્પનાબેન પુવારના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ ઉદ્ઘાટન પ્રસંગે સ્થાનિક પંચાયતના પદાધિકારીઓ, સંગઠનના હોદ્દેદારો, ગ્રામજનો અને મોટી સંખ્યામાં યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ લાઈબ્રેરી થકી ગ્રામીણ વિદ્યાર્થીઓને ગામ આંગણે જ સ્પર્ધાત્મક પરીક્ષાઓ અને ઉચ્ચ અભ્યાસ માટે જરૂરી પુસ્તકો તથા શાંત વાતાવરણ મળશે. જિલ્લા પંચાયત પ્રમુખે યુવાનોને લાઈબ્રેરીનો મહત્તમ ઉપયોગ કરવા અપીલ કરી હતી.

### જ્ઞાનયજ્ઞ વિદ્યાલયના વિદ્યાર્થીઓ ક્યુડીસી કક્ષાની 'વિકસિત ભારત' સ્પર્ધામાં ઝળક્યા



**આણંદ** | ગાના મુકામે યોજાયેલી ક્યુડીસી કક્ષાની 'વિકસિત ભારત-2047' સ્પર્ધામાં જ્ઞાનયજ્ઞ વિદ્યાલય, મોગરીના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી શાળાનું ગૌરવ વધાર્યું છે. આ શાળાના વિદ્યાર્થીઓ ક્રિશ્ના રાજપૂત અને વ્રજ પારેખે ચિત્ર હરીફાઈમાં તેમજ થિવિમ ભટ્ટે વક્તૃત્વ સ્પર્ધામાં શ્રેષ્ઠ દેખાવ કર્યો છે. આ શાળાકીય સ્પર્ધામાં પ્રથમ ક્રમ મેળવ્યા બાદ આણંદ જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા તેઓની ક્યુડીસી કક્ષા માટે પસંદગી કરવામાં આવી હતી. આ સફળતા બદલ યોગી વિદ્યાપીઠના કુળગુરુ રતિકાકા અને આચાર્યા રીટાબહેને તમામ વિદ્યાર્થીઓને આશીર્વાદ તથા અભિનંદન પાઠવ્યા છે.

### કેડીસીસી બેંકના ચેરમેનને શિકાગો ઓપન યુનિવર્સિટી દ્વારા માનદ ડોક્ટરેટથી સન્માનિત કરાયા




**આણંદ** | નવી દિલ્હી ખાતે યોજાયેલા છઠ્ઠા દીક્ષાંત સમારોહમાં ખેડા ડિસ્ટ્રિક્ટ સેન્ટ્રલ કો-ઓપરેટિવ (KDCC) બેંકના ચેરમેન તેજસકુમાર બી. પટેલને યુએસએની શિકાગો ઓપન યુનિવર્સિટી દ્વારા માનદ ડોક્ટરેટ અને લાઇફ ટાઇમ એચિવમેન્ટ એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો છે. છેલ્લા ૨૮ વર્ષથી સહકારી સેવાઓ, કૃષિ, ગ્રામીણ વિકાસ અને સોશિયલ એન્જિનિયરિંગ ક્ષેત્રે તેમના વિશિષ્ટ યોગદાન બદલ આ આંતરરાષ્ટ્રીય સન્માન મળ્યું છે. તેમના કુશળ નેતૃત્વ હેઠળ કેડીસીસી બેંકે રૂ. ૫,૦૦૦ કરોડના બિઝનેસનો ઐતિહાસિક આંક વટાવી ડિજિટલ ઇનોવેશનમાં નવો સીમાચિહ્ન સ્થાપિત કર્યો છે.

### કપડવંજમાં આઈબીએમ સ્કિલ્સ બિલ્ડ દ્વારા ડિજિટલ તાલીમ કાર્યક્રમનું આયોજન કરાયું



**કપડવંજ** | કપડવંજ ખાતે સ્થાનિક યુવાનોને આધુનિક ટેકનોલોજી ક્ષેત્રે સક્ષમ બનાવવા માટે IBM સ્કિલ્સ બિલ્ડ તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય યુવાનોને ડિજિટલ કૌશલ્યો અને વ્યવસાયિક ક્ષમતા પૂરી પાડી રોજગારીના ક્ષેત્રે સજ્જ કરવાનો છે. આ તાલીમ દરમિયાન તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને ડિજિટલ યુગની જરૂરિયાતો અને કારકિર્દીના નવા માર્ગો અંગે ગહન માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ અંગે સ્થાનિક સ્તરે યોજાયેલ આ ડિજિટલ સ્કિલિંગ પહેલથી કપડવંજના યુવાનોમાં નવી ઊર્જા અને ટેકનિકલ કૌશલ્યોનો વિકાસ થશે.

### કપડવંજમાં ડો. વનરાજસિંહ રાઠોડના બે પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું



**કપડવંજ** | કપડવંજ કેળવણી મંડળ સંચાલિત શ્રી એસ. સી. દાણી સ્કૂલના વાઇસ પ્રિન્સિપાલ ડો. વનરાજસિંહ રાઠોડના બે પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેમના દ્વારા લખાયેલા 'સપનો કી પાઠશાલા' અને 'આકાંક્ષાઓ કી ઉડાન' નામના પુસ્તકો મંડળના હોદ્દેદારો, શાળા પરિવાર તથા શિક્ષણપ્રેમીઓની હાજરીમાં લોકાર્પિત કરાયા હતા. આ પુસ્તકોમાં શિક્ષણ, સપનાં, આકાંક્ષાઓ અને પ્રેરણાદાયી વિચારસરણીને કેન્દ્રસ્થાને રાખીને રજૂઆત કરવામાં આવી છે. આ ઉપસ્થિત મહાનુભાવોએ ડો. રાઠોડને અભિનંદન પાઠવી તેમના સાહિત્યિક અને શૈક્ષણિક પ્રદાનને બિરદાવ્યું હતું.

### કપડવંજમાં તાલુકા કક્ષાની ચેસ સ્પર્ધાના પ્રથમ અને દ્વિતીય વિજેતાઓ જિલ્લા કક્ષાએ રમશે




**કપડવંજ** | કપડવંજની સી.એન. વિદ્યાલય ખાતે ખેલ મહાકુંભ અંતર્ગત ૧૮ થી ૪૦ વયજૂથના ભાઈઓ માટે તાલુકા કક્ષાની ચેસ સ્પર્ધા યોજાઈ હતી. આ સ્પર્ધામાં કિશન આર. દરજી પ્રથમ, પ્રા. ડો. પંકજકુમાર એમ. મકવાણા દ્વિતીય અને હેત્વીક જે. પટેલ તૃતીય ક્રમાંકે વિજેતા બન્યા છે. તાલુકા કન્વીનર સુરેશ રાજગોર, સહ કન્વીનર જે.વી. ચૌધરી તથા શાળા વારે તમામ વિજેતાઓને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવી હતી. આ સ્પર્ધાના પ્રથમ અને દ્વિતીય વિજેતા ખેલાડી હવે જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જશે.